# મેઘરજ ખાતે 'વિશ્વ આદિવાસી દિવસ' યોજાયો

## આદિવાસી સમાજ આર્થિક રીતે મજબુત અને આત્મનિર્ભર બને તેવી રાજ્ય સરકારે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે : સહકાર મંત્રી

બાયડ તા.૯

૯મી ઓગસ્ટ એટલકે "વિશ્વ આદિવાસી દિવસ" વિશ્વમાં આ દિવસની ઉજવણીઓ થઈ રહી છે. જેના સંદર્ભે રાજ્ય સરકારના સુશાસનના યશસ્વી પાંચ વર્ષ પૂર્ણાહુતિ નિમિત્તો "વિશ્વ આદિવાસી દિવસ" અંતર્ગત વનબંધુ યોજના અંતર્ગત આદિજાતી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે રૂ.૬૦,૦૦૦ કરોડ ખર્ચ્યા છે. જેમાં ૯મી ઓગસ્ટના રોજ રાજપીપળા ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે અને મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાની ઉપસ્થિતિમાં ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમ યોજાયો. જેમાં રૂ.૩૪૧ કરોડના ખર્ચે રાજપીપળા ખાતે ૩૯ એકરમાં બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સીટીનું ખાતમુહર્ત કરાયું.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મેઘરજની પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે સહકાર, રમત-ગમત યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને વાહન વ્યવહારના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં "વિશ્વ આદિવાસી દિવસ"કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, આજે ૯મી ઓગસ્ટ નિમિત્તો દુનિયામાં "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણીઓ થઈ રહી છે. જે અંતર્ગત આ દિન નિમિત્તે ગુજરાતમાં પણ ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમો યોજાયા છે. આદિવાસી સમાજ એ સદીઓથી ગિરિમાળાઓમાં વસવાટ કરતો સમુદાય છે. આદિવાસી સમાજ પ્રકૃતિનો મોભી છે. આ સમાજ એ સાંસ્કૃતિક વારસાને જાળવવાનું કામ કર્યુ છે. ૫૩ તાલુકાઓમાં આદિવાસી સમુદાય બહુમતી ધરાવે છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીએ "વનબંધુ કલ્યાણ યોજના" થકી રૂ.૧૭,૦૦૦ કરોડનો ખર્ચ આ યોજના પાછળ કરાયો છે. સરકારે સિંચાઈનું પાણી આદિવાસી સમાજના છેવાડા માનવીને મળે તેવી વ્યવસ્થા કરી છે. આજદિન સુધી સુધી રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧.૦૨ હજાર કરોડ આદિવાસી સમાજ માટે ખર્ચ કરવામાં આવ્યો છે. આદિવાસી સમાજ આર્થિક રીતે મજબુત અને આત્મનિર્ભર બને તે સારું થઈને વિવિધ યોજનાઓના લાભ રાજ્ય તથા કેન્દ્ર સરકારે અર્પણ કર્યા છે. આજના આદિજાતિના વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ સક્ષમ બની રાજ્યો છે. કોઈ ડોક્ટર,એન્જીનીયર, પાયલોટ, વનવિભાગ, પોલીસ વિભાગ, IAS,IPS જેવા વિભાગોમાં ફરજ બજાવી રહ્યા છે. અરવલ્લીમાં આદિજાતિના બાળકોને શિક્ષણ પૂરું પાડવા ધોરણ ૬ થી ૧૨ ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસયટી દ્વારા એક વિદ્યાર્થી દીઠ રૂ.૧,૦૯,૦૦૦ ની ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવેલ છે.





તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારે અરવલ્લી જીલ્લાના બોર્ડર પરના આવેલા ૩૧ ગામોમાં આદિજાતિ લોકોના વિકાસ માટે છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૩૨૦ લાખનું બજેટ ફાળવેલ છે.જેમાં રસ્તા,શિક્ષણ, આજીવિકા વીજળી,પાણીને લગતા વિવધ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ અરવલ્લી દ્વારા આદિજાતિના પ્રજાના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક,સામાજિક આર્થિક ઉત્કર્ષની વિવિધ યોજનાઓ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં શિષ્ય વૃતિ યોજના હેઠળ ૧,૬૧,૦૪૮ વિદ્યાર્થીઓને રૂ. ૧૬૩૭.૧૬ લાખ, મફત તબીબી સહાય યોજના હેઠળ ગંભીર બીમારીના ૧૧૧૩ લાભાર્થીઓને રૂ.૩૭.૭૫ લાખ, કુંવરબાઈ મામેરા, સમૂહ લગ્ન હેઠળ ૬૧૮ લાભાર્થીઓને રૂ. ૬૨.૪૯ લાખ, માનવ ગરીમા યોજના હેઠળ ૧૨૭૬ લાભાર્થીઓને રૂ.૩૨.૯૨ લાખ, મકાન સહાય યોજના હેઠળ ૧૨૦૧ લાભાર્થીઓને રૂ.૪૯૬.૩ લાખની ફાળવણી કરવામાં આવી છે.

આ પ્રસંગે જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાત તથા શ્રી પી.સી.બરંડાએ પ્રાસંગિક ઉદ્દભોદનો આપ્યા હતા. આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મેઘરજ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બળવંતસિંહ, મામલતદારશ્રી મેઘરજ, આદિજાતી વિકાસ કમિશ્નરશ્રી, અધિકારીશ્રીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા ૧૨૦૦ નોટબુકનું વિતરણ

## શામપુર પ્રાથમિક શાળામાં નોટબુકનું વિતરણ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

મોડાસા તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા શામપુર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૨૦૦ નોટબુકનું જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલની ઉપસ્થિતિમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં ભાજપ સંગઠન અને યુવા સંગઠનના તાલમેલથી રાજકીયની સાથે અનેક સમાજ સેવી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયું છે. આગામી ટૂંક સમયમાં ધો.૬ થી ૮ માં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થવાની સંભાવના વધી છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો સહિત શાળામાં અભ્યાસ કરતા છાત્રોને શાળાઓ શરૂ થાય તે અગાઉ નોટબુક મળી રહે તેવા પ્રયાસ ભાજપ યુવા મોરચા દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. તાલુકાની શામપુર પ્રાથમિક શાળામાં ભાજપ જિલ્લા તેમજ તાલુકા યુવા મોરચાના કાર્યકરોની ઉપસ્થિતિમાં નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું જેમાં જિલ્લા ભાજપ યુવા મોરચા ઉપપ્રમુખ પાવન પટેલ, કારોબારી સભ્ય ધર્મેન્દ્રસિંહ, મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ બિપીનભાઈ પટેલ, ભીખુભાઈ પરમાર, ચિરાગ ગોસ્વામી, તાલુકા પંચાયત સદસ્ય લાલસિંહ ચૌહાણ, યુવા મોરચા પ્રમુખ ઋત્વિજ દેસાઈ, મહામંત્રી આકાશ વ્યાસ સહિત યુવા મોરચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## પૈસાની માંગની ઓડીયો ક્લીપ

# સાતરડા કેળવણી મંડળના સભ્યો-આચાર્ય-ઉમેદવારની હાજરીમાં રૂા.૫ લાખની માગણી કરનાર ટ્રસ્ટી કોણ..??

## આચાર્યને ભેખડે ભરાવવાનો પ્રયાસ, શાળાના સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ મેળવવામાં આવશે ખરા..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

માલપુરની સાતરડા હાઈસ્કુલમાં પસંદગી પામેલ મહિલા શિક્ષણ સહાયક પાસે રૂા.૫ લાખ માંગ્યાની ઓડીયો ક્લીપ વાયરલ થયા પછી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ કાર્યવાહી કરવા માટે ૨ સભ્યોની તપાસ ટીમ રચી અહેવાલ મેળવ્યો જેમાં આચાર્યને ભેખળે ભરાવવાનો પ્રયાસ થયાની લોકચર્ચા વચ્ચે વિગતો સામે આવી છે કે સાતરડા કેળવણી મંડળના સભ્યો-આચાર્ય અને ઉમેદવાર વચ્ચે બેઠક યોજાઈ જેમાં એક ટ્રસ્ટીએ રૂા.૫ લાખ આપવા પડશે તેવું કહ્યા પછી મહિલા ઉમેદવાર રડી પડ્યા અને રાત્રે શાળાના આચાર્યને પછી મીટીંગમાં શું થયું તેની પૂછપરછ કરી અને ઓડીયો ક્લીપ વાયરલ થતાં હલચલ મચી ગઈ છે. સાતરડા કેળવણી મંડળ આચાર્યને બલીનો બકરો બનાવી પોતે ક્લીનચીટ રહેવાનો પ્રયાસ કરતું હોય ત્યારે શાળાના સી.સી.ટીવી કેમેરામાં કેદ થયેલા ફૂટેજ મેળવવામાં આવે તો અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવે તેમ છે.

લોકચર્ચા અનુસાર સાતરડા કેળવણી મંડળના પ્રમુખ વર્ષોથી અન્ય સ્થળે રહે છે. કાર્યકારી પ્રમુખ સહિત અન્ય હોદ્દેદારો શૈક્ષણિક સંસ્થાનો વહીવટ ચલાવતા હોય છે. મંડળના પ્રમુખની નિષ્ઠા અને પ્રમાણિક્તા ઉપર કોઈ શંકા કરી શકે તેમ નથી પરંતુ જે ટ્રસ્ટીઓ વહીવટ કરે છે તેમની હાજરીમાં ઉમેદવારને બોલાવી તમે કેટલા પૈસા આપશો..?? તે અંગેની ચર્ચા કરવામાં આવી જેમાં એક ટ્રસ્ટીએ માતબર રકમ બોલતાં મહિલા ઉમેદવાર ડઘાઈ ગયાં હતાં અને ત્યાં જ ચોંધાર આંસુએ રડવા લાગ્યા ત્યાર પછી કહેવાય છે કે આચાર્યએ પસંદ થયેલા ઉમેદવારની વ્યથા સમજી સાંત્વના આપી હતી અને ત્યારબાદ મહિલા ઉમેદવારને ગામમાં રહેવાની વ્યવસ્થા કરવા જણાવ્યું અને તેઓએ ૨ થી ૩ ઘર ભાડેથી લેવા માટે જોયા હતા અને પસંદ પણ કર્યુ હતું ત્યારબાદ રાત્રે મહિલા ઉમેદવારે આચાર્ય હસમુખ પટેલને મંડળમાં શું વાત થઈ તેની ચર્ચા કરી. આચાર્યના મનમાં કપટ ન હતું અને મંડળ અને આચાર્ય વચ્ચે જે વાત થઈ તે વાત ઉમેદવારને જણાવી અને મહિલા ઉમેદવારે ઓડીયો ક્લીપ વાયરલ કર્યા પછી જિલ્લામાં મહાભારત રચાયું છે. અત્યારે તો આચાર્યને ફરજ મોકૂફ કરવા માટે ડી.ઈ.ઓ. કચેરીએ જીદ લીધી હોય તેવી લોકવાયકા છે. પરંતુ પૈસા કોને માગ્યા..?? તે દીશામાં અરવલ્લી ડી.ઈ.ઓ.એ વિચારવાનું છોડી દીધું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. કારણ કે જે ટ્રસ્ટીઓએ પૈસા માગ્યા તે ખરેખર સંચાલક મંડળના માન્ય સભ્ય છે ખરા..?? કાર્યવાહી કરવી હોય તો એકમાત્ર સરકારી કર્મચારી ઉપર જ કરાય તે જાણતા શિક્ષણ વિભાગના અધિકારીએ ઉપરી અધિકારી અને શિક્ષણ વિભાગની વાહ વાહ મેળવવા અંદરખાને મંડળને આચાર્ય સામે પગલાં ભરવા કહ્યું હોય તેવી ચર્ચા પણ ઠેકઠેકાણે ચાલી છે. આવનારા દિવસોમાં પૈસા માંગવાનો આચાર્ય ઉપર આરોપ લાગ્યો છે તે આચાર્ય મોટો ઘટસ્ફોટ કરી પૈસા માંગનારાઓને ખુલ્લા પાડે તો નવાઈ પામશો નહીં.

### શિક્ષણ વિભાગ સત્ય શોધવા માગતું હોય તો મહિલા ઉમેદવારનો નાર્કોટેસ્ટ કરાવે

બાયડ : શિક્ષણ વિભાગમાં ભ્રષ્ટાચારનો સડો દૂર કરવા માટે કડક પગલાંની જરૂરીયાત છે પરંતુ ખુદ શિક્ષણ વિભાગ જ ભ્રષ્ટાચારથી ખદબદતું હોય ત્યારે ન્યાય લેવા ક્યાં જવું..?? સાતરડા હાઈસ્કુલના આચાર્ય અને મહિલા ઉમેદવારની ઓડીયો ક્લીપ વાયરલ થઈ છે જેમાં પૈસા માગ્યાનો આરોપ છે. એક વખત માટે આચાર્ય દોષિત હોય તો પણ મંડળના કહેવાથી પૈસાની વાત ઉમેદવારને કરી હોય તેવું બને આ સંજોગોમાં આચાર્યને ફરજ મોકૂફ કરી સમાજ અને શિક્ષણ વિભાગમાં બેઆબરૂ કરતા પહેલાં મહિલા ઉમેદવારનો નાર્કોટેસ્ટ કરાવવામાં આવે જેથી મહિલા ઉમેદવાર અને કયા કયા ટ્રસ્ટીઓ સાથે પૈસા બાબતે બેઠક થઈ તેની તમામ વિગતો સામે આવે.

# હાથીયા ગામે ખેતરમાં કરંટ લાગતાં ખેડૂતનું મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ભિલોડા તાલુકાના હાથીયા ગામે સાંજના સમયે ખેતરમાં ઘાસ કાપતા ખેડૂત શૈલેષ મક્સીભાઈ બોડાત(ઉ.૩૫ વર્ષ)નું વિજ કરંટથી મોત નિપજતાં શોક છવાયો છે. ખેડૂત થ્રી-ફેઈઝ ડી.પી. નજીક ઘાસ કાપવામાં મશગુલ હતા જે સમયે જમીનમાં કરંટ ઉતરતાં હાદસો સર્જાયો હતો.

**વિજ તંત્રની બેદરકારીથી ખેડૂતે જીવ ગુમાવ્યો**

બનાવ અંગે ભિલોડા પોલીસે એડી નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. ચોમાસામાં વિજ તંત્રની બેદરકારીથી વિજ કરંટ લાગવાના બનાવો શરૂ થયા છે. અગાઉ મૂંગા પશુઓના માથે જોખમ ઉભું થયા પછી હવે વિજ ડી.પી.માંથી કરંટ જમીનમાં ઉતરતાં જીવલેણ અકસ્માત શરૂ થયા છે. તાલુકાના હાથીયા ગામના ખેડૂત તા.૮ ના રોજ તેમના ઘર નજીક આવેલા ખેતરમાં ડી.પી. નજીકથી ઘાસ કાપતા હતા જે સમયે વિજ કરંટ લાગતાં તેમનું મોત નિપજ્યું હતું. ઘર નજીક જમીનમાં ઉતરેલા વિજ પ્રવાહથી ખેડૂતનો ભોગ લેવાઈ જતાં તંત્ર સામે રોષ પ્રવર્તિ રહ્યો છે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭૦૦ ગ્રામ પંચાયતોને હવે ૭૦ ટકા ગ્રાન્ટ

## ૧૦ ટકા જિલ્લા પંચાયત, ૨૦ ટકા તાલુકા પંચાયત તાબા હેઠળ વિકાસ કામ થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સરકાર દ્વારા નાણાપંચની દરેક ગ્રામ પંચાયતોને ૧૦૦ ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ કેટલીક ગ્રામ પંચાયતો ગ્રાન્ટનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં નિષ્ફળ રહી છે. ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ ફાળવવા મુદ્દે ટેકનિકલ મુદ્દો ઉભો હતો. ત્યારે ગ્રામ પંચાયતોને હવે ૧૫મા નાણાપંચની ૭૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવશે. ૧૦ ટકા જિલ્લા પંચાયત, ૨૦ ટકા તાલુકા પંચાયતમાં ગ્રાન્ટ તબદીલ કરી વિકાસના કામોને વેગ આપવાનો નિર્ણય કરાયો છે.

સાબરકાંઠા, અરવલ્લીની અનેક ગ્રામ પંચાયતોમાં ગ્રાન્ટો મુદ્દે કેટલાક સરપંચ, તલાટી કમ મંત્રીઓ સામે ગંભીર આક્ષેપ થયેલા છે. ગામના અંદરો અંદરના ઝઘડામાં પણ વિકાસના કામો માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટ વપરાતી નથી અને નાણાકીય વર્ષના અંતે લેપ્સ જતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાની ૭૩૦ ગ્રામ પંચાયતોમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ ન મળતાં સરપંચોએ દેકારા મચાવ્યા છે. વર્ષ-૨૦૨૨માં વિધાનસભા ચૂંટણી યોજાવવાની છે તે પૂર્વે બંન્ને જિલ્લાની ૪૮૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં યોજાનારી ચૂંટણી સેમી ફાઈનલ જેવી ગણાશે. આ સંજોગોમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટો ફાળવવા આવેલી રજૂઆતોને ગંભીરતાપૂર્વક લેવામાં આવી છે. પરંતુ હવે ૧૦૦ ટકાના બદલે ૭૦ ટકા ગ્રાન્ટ ૧૫મા નાણાપંચમાં ફાળવવામાં આવશે. જ્યારે બાકી રહેતી ૩૦ ટકા ગ્રાન્ટ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની કોઈપણ ગ્રામ પંચાયત જેમાં અવિકિસત ગ્રામ પંચાયત હોય તેવી પંચાયતોમાં આવી ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે. ૧૫મા નાણાપંચની ગ્રાન્ટનો તંત્ર ઈચ્છે તે ગ્રામ પંચાયતમાં ૩૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ કરી શકશે.

# જામઠામાં બાકી વિજ બીલની ઉઘરાણી મુદ્દે વિજ કર્મીને મારી નાખવાની ધમકી

## સરકારી કામમાં રૂકાવટનો ગુનો નોંધાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ધનસુરા તાલુકાના જામઠા ગામે વિજ બીલના બાકી નાણાંની ઉઘરાણી માટે ગયેલા ધનસુરા જી.ઈ.બી.ના ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ જીવાભાઈ દલજીભાઈ ડામોર સાથે ઝઘડો કરી રાંમાજી ફુલાજી પરમારે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સરકારી કામમાં રૂકાવટ કરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ધનસુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના જામઠામાં તા.૪ ના રોજ વિજ કર્મચારી જીવાભાઈ ડામોર તેમના સાથી કર્મચારી સાથે વિજ બીલનાં બાકી નાણાંની ઉઘરાણી માટે ગયા હતા દરમ્યાન રાંમાજી પરમારનું વિજ બીલ બાકી હોવાથી પૈસા ભરવા માટે કહેતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તમે વારંવાર કેમ અહીં આવો છો તેમ કહી અપશબ્દો બોલ્યા હતા. બે વિજ કર્મચારીઓએ અપશબ્દો બોલવાની ના પાડી હતી જેથી ઉશ્કેરાયેલા વિજ ગ્રાહકે બાકી બીલની ઉઘરાણી મુદ્દે મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

# જિલ્લામાં વાદળ વિખેરાતાં પ્રજા-ખેડૂતોને અકળાવતો આકરો તાપ

## ચોમાસાની સીઝનમાં ઉનાળા જેવો માહોલ, તાપમાનનો પારો ૩૦ ડિગ્રી નજીક : ખેતીમાં રોગચાળાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદની ખેંચ વચ્ચે વરસાદી વાદળો વિખેરાતાં આકરો તાપ અનુભવાઈ રહ્યો છે. તાપમાનનો પારો ૩૦ ડિગ્રી નજીક પહોંચી જતાં બફારાથી પ્રજા અને ખેડૂતો અકળાઈ ઉઠ્યા છે. જિલ્લામાં અસહ્ય ઉકળાટ વચ્ચે તાપમાન ઉંચકાતાં ખરીફ વાવેતરમાં રોગચાળાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. વરસાદનો ધોરી માસ ગણાતો અષાઢ મહિનો પૂર્ણ થયો હોવા છતાં વરસાદ મનમૂકીને વરસ્યો ન હોવાથી સૌ કોઈ કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા છે.

વરસાદની રાહ જોવામાં અષાઢ મહિનો પૂર્ણ થઈ ગયો. શ્રાવણ માસમાં વરસોની પરંપરા મુજબ સરવળાં વરસતાં હોવાથી પ્રજા અને ખેડૂતો વરસાદની અનિશ્ચિતતાથી ચિંતામાં મૂકાયા છે. બંન્ને જિલ્લામાં ખરીફ વાવેતર માટે વરસાદની તાતી જરૂરીયાત ઉભી છે પરંતુ વરસાદ વરસતો નથી. હમણાં સુધી આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેતાં થોડીઘણી વરસાદની આશા હતી પરંતુ હવે વાદળો વિખેરાયાં છે. પ્રજા તાપમાનનો પારો ઉંચકાતાં બફારાથી પરેશાન બની છે. જ્યારે ખેતી માટે પણ ઉંચકાતું તાપમાન નુકસાનરૂપ સાબિત થઈ શકે તેમ હોવાથી ખેડુતો પણ મૂંઝવણમાં મૂકાયા છે. હવામાન વિભાગની આગાહીઓ ધરાર ખોટી પડી છે અને ભારે વરસાદને બદલે ઝાપટાંથી સંતોષ માનવો પડ્યો છે. છેલ્લા ૨ દિવસથી વાદળો હટતાં સૂર્યનારાયણ આકરા મિજાજમાં આવ્યા છે. ચોમાસાની ઋતુમાં પ્રજા ઉનાળા જેવી ગરમીનો અનુભવ કરી રહી છે. વરસાદની ખેંચમાં સૌ કોઈ પરેશાન બન્યા છે ત્યારે આગામી સમયમાં ધોધમાર વરસાદ નહીં વરસે તો ખેતી ઉપર સંકટ ઉભું થવાની સાથે પીવાના પાણીની કટોકટી ઉદ્ભવી શકે છે.